Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ



પુ૦ ૩૦ મું.
ભાદ્રપદ.
અંક ૨ જો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૮
આત્મ સં. ૩૭
વિ.સં. ૧૯૮૮

મૂલ્ય રૂ. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ માફી. ... ... ... ... ...સં. વેલચંદ ધનજી. ... ૨૫
૨ અર્થશૂન્ય ક્ષમાપના. ... ... ...મુનિ દર્શનવિજયજી મહારાજ. ૨૭
૩ એ મૂર્ખનો સરદાર. ... ... ...શા. બાબુલાલ પાનાચંદ ... ૨૯
૪ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... ...મુનિ દર્શનવિજયજી મહારાજ ૩૦
૫ આવાહન. ... ... ... ...વિનયકાંત કાંતિલાલ મહેતા. ૩૪
૬ ઉન્નતિને પંથે. ... ... ... ...સદ્૰ શ્રી કર્પૂરવિજયજી મ૰ ૩૫
૭ પૂજનની સફળતા... ... ... ...રા. ચોકશી. ... ... ૩૭
૮ અમારી પૂર્વદેશની યાત્રા.... ... ...મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૩૯
૯ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. ... ...વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ. ... ૪૧
૧૦ વિવિધ વચનામૃતો ... ... ...સ્વ૰ શ્રીવિજયકેશરસૂરિ. મ૰ ૪૫
૧૧ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૪૭



## અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું.

### મૂળ પ્રાકૃત-સંસ્કૃત.

૧ શ્રી વસુદેવહિંડિ બીજો ભાગ. ૩-૮-૦
૨ શ્રી બૃહત્કલ્પ પ્રથમ ભાગ. તૈયાર થવા આવેલ છે.
૩ પાંચ કર્મગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સહિત: ,,

### ગુજરાતી ભાષાના ગ્રંથો.

૩ શ્રીપ્રભાવકચરિત્ર. ( જૈન ઐતિહાસિક ગ્રંથ ) ૨-૮-૦
૪ શ્રી પેથડકુમાર ચરિત્ર. ( ,, ) ૧-૦-૦
૫ શ્રી ધર્મ પરીક્ષા. ૧-૦-૦
૬ શ્રી સુરસુંદરી ચરિત્ર. છપાય છે.
૭ શ્રી મહાવીરચરિત્ર. ,,

## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. | નામ. | કીંમત. |
|---|---|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો. | ૦-૧૨-૦ | શ્રી જીનદત્તસૂરિજી ( દાદા સાહેબ ) | ૦-૬-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ | છ લેશ્યા. | ૦-૬-૦ |
| | | મધુબિંદુ. | ૦-૬-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦-૮-૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦-૪-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ | **ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.** | |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ | શ્રી મહાવીરસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ | શ્રી ગૌતમસ્વામી મહારાજ. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ | સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે. | ૨-૮-૦ |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | | |
| શ્રી પાવાપુરીજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | નવતત્ત્વના ૧૫૫ ભેદનો નકશો. રંગીન | ૦-૨-૦ |

મળવાનું સ્થળ, શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

420

# સ્ત્રી ઉપયોગી વાંચનમાળાની યોજના.

## અમારૂં સીરીઝ ગ્રંથમાળા ખાતું.

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે વ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, ( સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઇ ) કરી રહેલ છે. સાથે અનેક સાહિત્ય ગ્રંથો પણ સભા પ્રગટ કરી રહેલ છે. આ સભાના લાઈફ મેમ્બરોને પણ વિશેષ વિશેષ અનેક સુંદર મ્હોટા ગ્રંથોનો ( કંઇપણ બદલો લીધા વગર ) લાભ મળી રહેલ છે, તે રીતે કોઇપણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યાર સુધી અનેક જૈન બંધુઓએ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાલા પ્રકટ કરાવી જ્ઞાનભક્તિ કરી રહેલ છે, તેતું શુભ અનુકરણ કરી હાલમાં **શ્રીમતી કસ્તુર બ્હેને** પણ એક રકમ તે માટે ( સ્ત્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા ) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર સ્ત્રી ઉપયોગી (સતી-ચરિત્રો, સ્ત્રી ઉપયોગી વિષયોના ) ગ્રંથો પ્રકટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેઓ બ્હેનની પ્રથમ ગ્રંથ સીરીઝ તરીકે **"સતી સુરસુંદરી ચરિત્ર"** ( જે કે પ્રસિદ્ધ લેખક સુશીલ પાસે લખાવી તૈયાર કરેલ) છપાવવો શરૂ કરેલ છે. ચરિત્ર ઘણું જ રસિક અને બોધદાયક છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ જ્ઞાનની ભક્તિ અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના દ્વારા ધોરણ આ નીચે તથા આ અંકના પાછળના ભાગમાં સૂચિપત્ર સાથે છેલ્લે પાને છે. આ લાભ દરેક જૈન બંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભક્તિ સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું પણ આ અમૂલ્ય સાધન છે. અમરનામ કરવાનું પણ સાધન છે.

કોઇ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણ કે બીજાથી લલચાઈને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે.

---

# શું તમારૂં નામ અમર કરવું છે ?

## ગ્રંથમાળાની યોજના.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે. જ્યારે મનુષ્યોને પરમાત્માએ જ્ઞાન અને બુદ્ધિ આપેલ હોવાથી તે પોતાના માટે અનેરો માર્ગ શોધી કાઢે છે. જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો નીચેની યોજના વાંચી, વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી તે અમૂલ્ય લાભ મેળવો.

### યોજના.

જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂ ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂ. ૧૦૦૦) સુધી સભાએ ખરચવા.

૪ જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ સાધ્વી મહારાજ વગેરેને આ સીરીઝના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૫૫૨

અમુક સંખ્યાંના ગ્રંથો સભાના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે ' સીરીઝવાલાની વતી સભા મારફત ભેટ ' એવી ચીઠ્ઠી છપાવી પુસ્તક ઉપર ચોડી ભેટ મોકલવામાં આવશે.

૭ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી (વારંવાર) જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથ માળા સીરીઝ છપાય ( સીરીઝ માટે રકમ આપનારને ) ભેટ આપવામાં આવશે.

૮ તે સીરીઝના પ્રથમ અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સીરીઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો; એજ ક્રમ સાચવી સીરીઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૧૦ ગ્રંથમાળાના પ્રથમના એક જ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણપત્રિકા તેમની ઇચ્છાનુસાર ( એકજવાર ) આપવામાં આવશે.

નીચે પ્રમાણેના મહાશયોના ( તરફથી તે રકમ આવી ગયેલ હોવાથી તેમના ) નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચૂકી છે અને થશે.

| | |
|---|---|
| ૧ શેઠ આણંદજી પુરૂષોત્તમદાસ. | ૨ વોરા હઠીસંગ ઝવેરચંદ. |
| ૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ. | ૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ. |
| ૫ વકીલ હરીચંદ નથુભાઇ | ૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા. |
| ૭ શેઠ નાગરદાસભાઇ પુરૂષોત્તમદાસ, રાણપુર. | ૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ. |
| ૯ શાહ મગનલાલ ઓધવજી. | ૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ. |
| ૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ. | ૧૨ શ્રીમતી કસ્તુર બ્હેન. |
| ૧૩ સલોત જગજીવનદાસ ફૂલચંદ. | |

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણ વિચારીને તે જ્ઞાનભક્તિના કાર્ય માટેપ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો તેમ ઇચ્છીએ છીએ.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

## લાઇફ મેમ્બર.

કોઇપણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકશે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઈ શકશે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે, તેમજ આત્માનંદ પ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ મળશે.

ગુજરાતી ભાષાના ( સીરીઝ સિવાયના ) પ્રકટ થતો કોઇ પણ ગ્રંથ મુદ્દલ કિંમતે ( સાહિત્ય પ્રચારના શુભ હેતુથી ) વેચાણ આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐 श्री 卐

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—"आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य" इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४६८. भाद्रपद. आत्म सं. ३७. { अंक २ जो

## માફી.

૧

અષ્ટાહ્નિકા પર્યૂષણાની, આત્મ ઉન્નતિ કારણે,
વિભુ વીરના ફરમાનને, આરાધીએ સદૃશપણે;
વિધ વિધ રૂપે સર્વ કરણી, કરવી એ ચિત્ત ગણો,
છે શ્રેષ્ઠ **માફી** તેહમાં, સાદર થતા જય આપણો.

૨

માફી અતુલ મધુર અને, તુટી સાંધે તેહ;
વીતરાગ પથની પ્રથા, જોડ ન જગમાં જેહ.

૩

ઝગડો લેશ ન સંભવે, જિન આજ્ઞા અનુસાર;
મારૂં સાચું ના કહો, સાચુ શુદ્ધ પ્રચાર.

૪

વેર ઝેર વરસે જિહાં, કંપે સુણતાં કાય;
મીટાડવા મૈત્રી કરો, જૈની એહ જણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫
તુટ ફુટ વિગ્રહ વળી, શાન્તિ નહીં લવલેશ;
જૈનીને છાજે નહીં, તેહવા છોડો વેશ.

૬
પ્રભુ આજ્ઞા હૃદયે ધરી, મમત્વ છોડી આજ;
હાથો હાથ મીલાવીએ પર્વારાધન કાજ.

૭
માફીના ઉંડાણુમાં, વાત વિવિધ સમાય;
અવલોકન કરતાં થકાં, માર્ગ સરલ સમજાય.

૮
જૈન બાળકો જ્ઞાન વિણુ, રવડે છે ચોપાસ;
દયા ધર્મના નાયકો, સુજ્ઞ બનાવો ખાસ.

૯
ફાટ પડી તે સાંધવા, કરવો ઉદ્યમ આજ;
તોડ જોડના નિયમથી, સાંધો જૈન સમાજ.

૧૦
ગૌતમ—વીર સમાગમે, કોમલ વાણી વિલાસ;
પ્રતિપાદક શૈલી થકી, શંકા કીધી વિનાશ.

૧૧
ગૌતમ સહ સાથી સહુ, એકાદશ ગણુધાર;
આવી મળ્યા આનંદથી, કરતા તત્ત્વ વિચાર.

૧૨
ડંખ દંશ દૂરે કરો, પ્રેમ પ્રસારણુ કાજ;
દુઃખ સર્વ દૂરે થશે, મળશે મિત્ર સમાજ.

૧૩
માફીના પ્રસ્તાવમાં, લગતી કીધી વાત;
અધોગતિ અટકાવીને, રક્ષણુ અર્પો ભ્રાત.

૧૪
ભૂલો સહુ ગઇ ગુજરી, રહી તેનો કર ખ્યાલ;
જીવન સફલ બનાવવા, કર સાચી સંભાલ.

૧૫
મન દુઃખ કો વિધથી થયું, કરવા તેહ વિનાશ;
ક્ષમા યાચના એહની, આત્માનંદ પ્રકાશ.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અર્થશૂન્ય ક્ષમાપના અને ભાવમિથ્યાત્વ.

હમેશાં સવારે અને સાંજે, એક જ સૂર નીકળે છે કે—"सव्वस्स समण०" ભદંત ચતુર્વિધ સંઘને પ્રણતિભાવે, સૌ જીવોને સાચી ધર્મપરિણતિથી ખમાવું છું-ખમાવું છું.

હું પણ તેઓ પ્રત્યે ક્ષમું છું-ખમું છું. આ જ રીતે વાર્ષિક પર્વમાં પણ ખમતખામણા થાય છે.

**આ ક્ષમા-પાઠોમાં જીવમાત્ર સાથે મૈત્રી ભાવનો એકરાર છે.**

આ પ્રતિજ્ઞાને પાળવી કે તોડવી એ આપણી પ્રવૃત્તિ ઊપર નિર્ભર છે.

કારણ? **કલેશ છે ત્યાં જૈનત્વ નથી.**

કલેશનું મૂળ દૂષણ-શોધક દૃષ્ટિ છે.

**જેટલી દૂષણ-દૃષ્ટિ દૂર, તેટલું જ તે પ્રતિજ્ઞા પાલન સુકર!**

"તેણે ત્યારે શું કર્યું હતું?"

એનો સમાલોચક બનવાને જૈન ન જ ઇચ્છે. એવા ટીકાકાર બનવામાં કોઇનું ભૂષણ નથી.

એ ફતવો ચુંથવામાં આપણી ભલમનસાઇ નથી. એ જકાતી પજવણી કરવાની આપણને સત્તા નથી.

એ નિગોદમાં ભમ્યો હતોઃ ક્રૂર બન્યો હતોઃ જમાલી નીવડયો હતોઃ બટાટુ થયો હતોઃ બોક્કો રહ્યો હતોઃ બાતલ ગયો હતોઃ

કે ભૂતકાળના અંધાર પર્દામાં કયા નાટકનો રાજા થઇ આવ્યો હતોઃ

એ ઇતિહાસ ઉકેલવાનો આપણને પરવાનો નથી, માટે એ કારમી ગઇગુજરીને ભૂલી જાઓ

**તે અત્યારે કયાં ઉભો છે તે જોતાં શિખો!**

**દરેક જીવો મિથ્યાત્વગુણઠાણેથી અયોગી ગુણઠાણે જાય છે.**

"ભૂતકાળ કોનો સારો છે" એ ચુંથણા ચુંથવામાં ભલમનસાઇ શી? એ યથાર્થ તપાસવાની શકિત પણ કયાં છે?

તો, આજનો જ વિચાર કરો કે, દૂષણ-ગ્રાહક દૃષ્ટિ લય પામશે.

કોઇ મોટી ભૂલ કરે તો? તમો તેની ભૂલને પચાવો! સાચા જૈન બનો! તેને ક્ષમા આપો!

**શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીનું ફરમાન છે** ભગવાન્ ભદ્રબાહુસ્વામી જગત સન્મુખ રજુ કરે છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



खमियव्वं, खमावियव्वं । उवसमियव्वं, उवसामियव्वं । सुमइसंपुच्छणा बहुलेणं होयव्वं ॥ जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा । तम्हा अप्पणाचेव उवसमियव्वं ॥

" દરેક જીવો પ્રત્યે સાંવત્સરિ પ્રતિક્રમણમાં **સાચા દીલના ખમત-ખામણા કરે તે સાચો જૈન.** "

આટલો સ્પષ્ટ પ્રકાશ હોવા છતાં દુઃખદ ધરતીકંપ જેવો આંચકો લાગે છે કેઃ—
વીતરાગના સંતાનો લડે છે.

આ ધડાકો શાનો ?

વર્ષોવર્ષનાં સાંવત્સરિક પ્રતિક્રમણો ! શું તેમાં કોઈ કીટ, પશુ, ઇન્સાન કે સાધુ માટે છુટ રહે છે ?

દીવાળી ચાલી જાય, અને ચોપડા ચોકખા ન થાય. સંવત્સરી જાય અને વૈર-વિરોધ ન શમે !

એ જ દીવાળું-એ જ ભાવમિથ્યાત્વ !!! વ્યાપારી જૈન આ દીવાળું ચલાવી શકે કે ?
આપણે બધાને ખમાવીએ. માત્ર બાતલ કરીએ ? વીરના જ ઉપાસકને ! સાધર્મીકને ! સંઘના જ અંશને !

**એ હીસાબ કેમ ચોકખો થાય ?**

છતાં પોતાને જૈન મનાવવો એ કેવો માયા-મૃષાવાદ ? આ અનન્તાનુબંધીની માયાનો વિપાક શો ?

વિવેકી મનથી જરા વિચારો ! દંભી મટી સાચા જૈન બનો !

**ભૂલ એ અનાદિકાળની છાદ્મસ્થિક હીણપત છે.** પારકાની ભૂલો જોવામાં નામોશી છે.

**બીજાની ભૂલને દૂર થતી જોવા ઇચ્છે-પ્રેરે તે જૈન !**

વિચારક હૃદયો આજની ઉલટી પ્રવૃત્તિથી કમકમે છે.

કુમળા જૈનો કંપે છે કે-અમારા વડિલોએ આ શો જંગ માંડ્યો છે ?
જગત હસે છે કે-જૈનોની નૌકા કયાં ગોથા ખાઇ રહી છે? શું સુકાનીઓ ઉંઘ ખેંચે છે?
**જૈનો ! ચેતો ! એ કલંક કાલિમાને ભૂંસી નાખો !** ઉંઘશો તો હાથ ઘસતા રહી જશો !

**ઉઠો ! કટિબદ્ધ થાઓ ! ખમતખામણાનો અર્થ ઉકેલ કરો !**

વૈર-વિરોધની ક્ષમા લ્યો-ક્ષમા દ્યો !

કલેશ છે ત્યાં અધર્મ છે, ક્ષમા છે ત્યાં ધર્મ છેઃ એ વીર-સૂત્રને પોતામાં ઉતારી વિશ્વવ્યાપી બનાવો !

ઓ વીરપુત્રો ! વીરપુત્ર બનવાની લાયકાત ન મેળવો એ તો ખરેખર શરમની વાત છે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ કમજોરીને દફનાવો ! એ જુઠી શાણુશાહીને ફેંકી દ્યો ! એ નાલાયકીના દંભી ફતવાને ચીરી નાખો !

સાધર્મિકને દેખી આનંદનાં અમી ખાળો ! ભાઇ ભાઇને પ્રેમથી બાથ ભીડો !

**શ્રી સંઘમાં એકદીલી બહેલાવો !**

અને એક જ સાથે, ઘોર અવાજે વીર વચનનો અનુપમ ઘોષણ-નાદ કરો કેઃ—

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्भं न केणइ ॥

જગત્ એ નગ્ન-સત્યનો પડઘો પાડશે—અપનાવશે ! એમાં જ આપણું પરમાર્થ જૈનત્વ છે.

રોશનમહોલ્લા,
આગરા.

લે૦
ક્ષમાપ્રાર્થી—
મુનિ દર્શનવિજય.

# એ મૂર્ખનો સરદાર.

સ્વ સ્ત્રીએ પ્રેમ નહિ, અન્ય સ્ત્રી સેવનાર;
પ્રેમ ચીજ સમજે નહિ, એ મૂર્ખનો સરદાર. ॥ ૧ ॥
પૈસા તણે કારણે, નોકરી જે કરનાર;
ખાય તેનું ખોદે, એ મૂર્ખનો સરદાર. ॥ ૨ ॥
ભણી ભણી પંડિત થયો, ભણ્યો શાસ્ત્ર અપાર;
દયા ધરમ જાણ્યો નહિ, એ મૂર્ખનો સરદાર. ॥ ૩ ॥
હોંસ કેરે કારણે, વઢવાડમાં ભાગ લેનાર;
પોત પોતાનું સંભાળે નહિ, એ મૂર્ખનો સરદાર. ॥ ૪ ॥
બી. એ. થયા એમ. એ. થયા, થયા સર્વ શાસ્ત્ર જાણનાર;
પોત વડાઇ પોતે જે કરે, એ મૂર્ખનો સરદાર. ॥ ૫ ॥
સ્વારથ કેરે કારણે, જે ધર્મ ન જાણનાર;
સત્ય વાત સમજે નહિ, એ મૂર્ખનો સરદાર. ॥ ૬ ॥
અયોગ્ય કર્મ જે કરી, પાછળ શોક કરનાર;
સારૂં નરસું સમજે નહિ, એ મૂર્ખનો સરદાર. ॥ ૭ ॥
પૈસા કેરે કારણે, મુસાફરી જે કરનાર;
ઝાડ તળે રાત વાસો કરે, એ મૂર્ખનો સરદાર. ॥ ૮ ॥

**શા બાબુલાલ પાનાચંદ ( નડોદ ).**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રી તીર્થંકર ચરિત્ર.

## શ્રી જ્ઞાતાસૂત્ર.

( વર્ષ ૨૯ માના બારમા અંકના પૃષ્ટ ૨૮૯ થી શરૂ )

અ૦ ૮ સૂત્ર ૬૪ થી ૭૮ **શ્રી મલ્લિનાથ ચરિત્ર.**

હે ભગવાન્ યદિ શ્રમણ ભગવાન્ મહાવીરે સાતમા જ્ઞાત અધ્યયનનો એ અર્થ કહ્યો છે તેમ હે ભગવાન્ ! આઠમા અધ્યયનનો શો અર્થ પ્રરૂપ્યો છે? હે જંબૂ ! આ પ્રમાણે—( શ્રી સુધર્મા ગણધર શ્રી જંબૂસ્વામીને કહે છે. )

તે કાલે અને તે સમયે આ જંબૂદ્વીપ–દ્વીપના **મહાવિદેહ** ક્ષેત્રમાં મેરૂ-પર્વતની પશ્ચિમે નિષધપર્વતની ઉત્તરે મહાનદી શિતોદાની દક્ષિણે સુખાવહ-વખારપર્વતની પશ્ચિમે અને પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે આ સ્થાને **સલિલાવતી** નામની વિજય છે. તે સલિલાવતી વિજયમાં **વિતશોકા** નામની નગરી છે, જે નવ યોજન પહોળી છે. યાવત્....દેવલોક સમાન છે. તે વિતશોકા રાજધાનીમાં ઇશાનકોણે **ઇંદ્રિકુંભ** નામે ઉદ્યાન છે. તે વિતશોકા રાજધાનીમાં **બલ** નામનો રાજા હતો, જેના અંતઃપુરમાં **ધારિણી** વિગેરે હજાર દેવીઓ (રાણીઓ) હતી. ત્યારે તે ધારિણી દેવી અન્યદા કોઇ દિન સ્વપ્નમાં **સિંહને** જોઇને જાગી. યાવત્....**મહાબલ** નામનો પુત્ર થયો, જે બાલભાવ છોડી, યાવત્....ભોગસમર્થ થયો.

ત્યારે માતાપિતા તે મહાબલને એક દિવસે જ સમાન વયવાળી **કમલશ્રી** વિગેરે ૫૦૦ રાજશ્રેષ્ઠ કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવે છે. પાંચસો પ્રાસાદ અને પાંચસો દાત, યાવત્....વિચરે છે ( રહે છે ).

સ્થવિર પધાર્યા, ઇંદ્રકુંભ ઉદ્યાનમાં સમોસર્યા, નાગરિકો આવ્યા, **બલ**-રાજા પણ આવ્યો. ધર્મ સાંભળી અવધારી, જેમ....વિશેષમાં મહાબલકુમારને રાજ્ય પર સ્થાપે છે ( દીક્ષા સ્વીકારે છે ). યાવત્....અગીયાર અંગોને જાણી ઘણાં વર્ષો શ્રમણ–પર્યાયને પાળીને જ્યાં **ચારૂપર્વત** છે ત્યાં માસભક્તથી સિદ્ધ થયો.

ત્યારે તે કમલશ્રી અન્ય દિને સ્વપ્નમાં સિંહને જુએ છે યાવત્.... **બલભદ્ર** કુમાર થયો, જે **યુવરાજ** બન્યો.

તે **મહાબલ** રાજાને આ છ બાલમિત્ર રાજાઓ હતા. તેના નામ અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રમણ અને અભિચંદ્ર. જેઓ સાથે જન્મ્યા હતા, યાવત્.... સમ્યક્ હિત માટે સહચારી ભાવે અન્યોઅન્યના કથનને સાંભળે છે ( સ્વીકારે છે).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કાળે તે સમયે ઇંદ્રકુંભ ઉદ્યાનમાં સ્થવિર સમોસર્યા, પર્ષદા આવી. મહાબલ ધર્મ સાંભળીને જેમ વિશેષમાં છ બાલમિત્રોને પૂછી બલભદ્રકુમારને રાજ્યપર સ્થાપું, યાવત્....છએ બાલમિત્રોને પૂછે છે ત્યારે તે છએ મહાબલ રાજાને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! યદિ તમો દીક્ષા લ્યો છો તો પછી અમોને બીજો આધાર કોણ ?' યાવત....દીક્ષા લઇશું. ત્યારે તે મહાબલ રાજાએ છએ મિત્રોને કહ્યું—'જો તમો મારી સાથે, યાવત્...દીક્ષા લ્યો, તો જાઓ મોટા પુત્રને પોતપોતાના રાજ પર બેસાડો.

હજારો મનુષ્યો ઉપાડી શકે એવી શિબિકામાં બેસી યાવત્....પાછા આવે છે ત્યારે તે મહાબલ રાજા છએ બાલમિત્રોને તૈયાર થઇને પાછા આવેલા જુએ છે. જોઇને હર્ષિત૦ કૌટુંબિક પુરૂષોને૦ બલભદ્રનો રાજ્યાભિષેક૦ પૂછે છે.

ત્યારે તે મહાબલે, યાવત....મહાન્ ઋદ્ધિથી દીક્ષા સ્વીકારી અગીયાર અંગોને ભણી ઘણાં ચૌથભક્તો, યાવત્....ભાવતા વિચરે છે.

ત્યારે તે મહાબલ પ્રમુખ સાતે મુનિઓ એકઠા થયા ત્યાં તેમને પરસ્પર આ પ્રમાણે કથાલાપ થયો—" હે દેવાનુપ્રિય ! જ્યારે આપણે ( આપણામાંથી એક ) એક તપકર્મ સ્વીકારી વિચરે ત્યારે આપણે સર્વેએ તે તપકર્મ સ્વીકારી વિચરવું " એ પ્રમાણે કહી પરસ્પરના એ વચન સંભળાવે છે–સાંભળે છે. સાંભળીને ઘણાં ચૌથભક્તો યાવત્...વિચરે છે.

ત્યારે તે મહાબલ કુમારે આ કારણોથી **સ્ત્રીનામગોત્ર**કર્મ બાંધ્યું. મહાબલ સિવાયના છ મુનિઓ જ્યારે એક ઉપવાસથી વિચરે છે ત્યારે તે મહાબલ મુનિ બે ઉપવાસ કરી વિચરે છે. જ્યારે મહાબલ સિવાયના મુનિઓ છઠ્ઠ કરે છે ત્યારે મહાબલ મુનિ અઠ્ઠમ કરે છે. એ જ રીતે તેઓ અઠ્ઠમ તો આ દશમ્, તેઓ દશમ્ તો આ દ્વાદશમ.

વળી મહાબલ અણગારે ૨૦ કારણોને સાધી, અનેક રીતે આરાધી **તીર્થંકરનામ** ગોત્રકર્મ ઉપાર્જ્યું. તે આ પ્રમાણે—

૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ પ્રવચન, ૪ ગુરૂ, ૫ સ્થવીર, ૬ બહુશ્રુત અને ૭ તપસ્વીની ભક્તિ, ૮ તીવ્ર જ્ઞાનોપયોગ, (૧). ૯ દર્શન, ૧૦ વિનય, ૧૧ આવશ્યક, ૧૨ નિરતિચાર શિલવ્રત, ૧૩ ક્ષણ ક્ષણ વૃદ્ધિવાળો સંવેગ, ૧૪ તપ, ૧૫ ત્યાગ, ૧૬ વૈયાવૃત્ય, ૧૭ સમાધિ, (૨) ૧૮ અપૂર્વ જ્ઞાનગ્રહણ, ૧૯ શ્રુતભક્તિ અને ૨૦ પ્રવચન પ્રભાવના. જીવ આ વીશ કારણોથી **તીર્થંકરપણું** મેળવે છે. (૩)

ત્યારે તે મહાબલ વિગેરે સાતે મુનિઓ માસિક ભિક્ષુ પ્રતિમાને સ્વીકારી વિચરે છે, યાવત....એક રાત્રિકી ( બારમી ભિક્ષુ પ્રતિમા) ને સ્વીકારી વિચરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ તે મહાબલપ્રમુખ સાતે અણગારો **લઘુ સિંહનિષ્ક્રિડિત** તપ સ્વીકારી વિચરે છે. તે આ પ્રમાણે—ચોથભક્ત કરે છે, સર્વ કામ-ગુણિત આહારથી પારણું કરે છે, પછી અનુક્રમે છઠ્ઠ, ચઉત્થ, અઠ્ઠમ, છઠ્ઠ, દશમ, અઠ્ઠમ, દુવાલસ, દશમ, ચઉદ્દશમ, દુવાલસ, સોલસમ, ચઉદ્દેશમ, અઠ્ઠારસમ, ચઉદ્દશમ, વીસઈમ, અઠ્ઠારસ, વીસઇમ, સોલસમ, અઠ્ઠારસમ, ચઉદ્દશમ, સોલસમ, દુવાલસમ, ચઉદ્દશમ દસમ, દુવાલસમ, અઠ્ઠમ, દશમ, છઠ્ઠ, અઠ્ઠમ, ચઉત્થ, છઠ્ઠ અને ચઉત્થ કરે છે. દરેકમાં સર્વ કામગુણુક આહારથી પારણું કરે છે. એ પ્રમાણે આ લઘુ સિંહનિષ્ક્રિડિત તપની પ્રથમ પરિપાટી છ મહિના અને સાત અહોરાત્રિએ સૂત્રાનુસારે આરાધિત થાય છે; ત્યારબાદ પરિપાટીમાં ચઉત્થ કરે છે પરંતુ વિગઈ રહિત આહારથી પારણું કરે છે.

એ રીતે ત્રીજી પરિપાટીમાં અલેપકારિ-આહારથી પારણું કરે છે. એ રીતે જ ચોથી પરિપાટી, જેમાં આયંબિલથી પારણું કરે છે. ત્યારે તે મહાબલ વિગેરે સાતે મુનિઓ લઘુ સિંહનિષ્ક્રિડિત તપને બે વર્ષ અને અઠ્ઠાવીશ અહોરાત્રીએ આગમ પ્રમાણે, આજ્ઞાપ્રમાણે આરાધીને જ્યાં સ્થવિર ભગવંતો છે ત્યાં આવે છે. આવીને સ્થવિર ભગવંતને વાંદે છે–નમે છે, નમીને આ પ્રમાણે કહે છે.

'હે ભગવન્ ! અમો મહાસિંહનિષ્ક્રિડિત તપને ઇચ્છીએ છીએ. તેજ રીતે જેમ લઘુસિંહનિષ્ક્રિડિત તપ હતો, વિશેષમાં ( ચોથભક્તથી પ્રારંભીને ) ચોત્રીશઇમ સુધી ઉપવાસ કરવાથી પ્રથમ પરિપાટીમાં એક વર્ષ છ માસ અને અઠ્ઠાવીશ અહોરાત્રી કાળ ચાલ્યો જાય. સંપૂર્ણ સિંહનિષ્ક્રિડિત તપ ( ચાર પરિપાટીએ ) છ વર્ષ બે મહિના અને બાર અહોરાત્રીએ પૂરો થાય છે. ત્યારે તે મહાબલ વિગેરે સાતે મુનિઓ મહાસિંહનિષ્ક્રિડિત તપને યથાઆગમ યાવત્ ........આરાધીને જ્યાં સ્થવિર ભગવંતો છે ત્યાં આવે છે. આવીને સ્થવિર ભગવંતોને વાંદે છે–નમે છે, નમીને ઘણાં ચઉત્થભક્તો, યાવત........વિચરે છે.

ત્યારબાદ તે મહાબલપ્રમુખ સાતે મુનિઓ તે ઉદાર તપવડે શુષ્ક ભૂખ્યા જેમ સ્કંદક (ભગવતીસૂત્ર શતક ૨ ). વિશેષમાં સ્થવિરને પૂછીને **ચારૂપર્વત** પર ચડે છે. ચડીને બે માસની સંલેખણાએ એકસો વીશ ભક્તનો છેદ કરી ચોરાશી લાખ વર્ષનો શ્રમણ–પર્યાય પાળીને ચોરાશી લાખ પૂર્વનું સર્વ આયુષ્ય પાળીને **જયંતવિમાન**માં દેવપણે ઉત્પન્ન થયા. ( સૂત્ર ૬૪ ).

ત્યાં ( જયંતવિમાનમાં ) કેટલાએક દેવોની બત્રીશ સાગરોપમ સ્થિતિ હોય છે. ત્યાં મહાબલ સિવાયના છ દેવોને કંઇક ન્યૂન બત્રીશ સાગરોપમની સ્થિતિ હતી; જ્યારે મહાબલદેવને પરિપૂર્ણ બત્રીશ સાગરોપમની સ્થિતિ હતી.

ત્યારે મહાબલ સિવાયના **છ દેવો** તે દેવલોકથી આયુ–સ્થિતિ અને ભવનો ક્ષય થવાથી ચ્યવીને આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વિશુદ્ધ માતા–પિતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળા વંશમાં રાજકુળોમાં અલગ અલગ **કુમારપણે** જન્મ્યા. તે રાજકુમારોના નામો આ પ્રમાણે છે—પ્રતિબુદ્ધ ઇક્ષ્વાકુ ( કોશલ ) દેશનો રાજકુમાર, ચંદ્રછાય અંગનો રાજકુમાર, શંખ કાશીનો રાજકુમાર, રૂપી કુણાલનો રાજકુમાર, અદીનશત્રુ કુરૂનો રાજકુમાર અને જિતશત્રુ પંચાલનો રાજકુમાર ( અર્થાત્ છ દેવો તે રાજકુમારરૂપે જન્મ્યા. )

ત્યારબાદ તે **મહાબલ દેવ** ત્રણ જ્ઞાનયુક્તપણે ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા, દિશાઓ શાંત હતી–અંધકાર રહિત હતી. વિશુદ્ધ હતી, જયવંત શકુનો હતા. પવન પ્રદક્ષિણ–અનુકૂળ હતો, ભૂમિમાં શાંત ગતિ કરતો હતો, પૃથ્વી હરીયાળી હતી અને મનુષ્યો આનંદક્રીડામાં તત્પર હતા એમ શુભ વખત હતો ત્યારે અર્ધી રાતના સમયે અશ્વિની નક્ષત્રનો યોગ થતાં જે હેમંતઋતુના ચોથે મહિને આઠમે પક્ષે ફાગણ શુદિ ચોથને દિને બત્રીશ સાગરોપમની સ્થિતિવાળા ( જયંત ) વિમાનથી અણંતરપણે ચ્યવન કરીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મિથિલા રાજધાનીમાં **કુંભરાજાની રાણી પ્રભાવતી**દેવીની કુક્ષીમાં આહાર, શરીર અને ભવનો ત્યાગ કરી ગર્ભપણે આવ્યો.

તે રાત્રીએ ચૌદ મહાસ્વપ્ન વર્ણન. સ્વામીને કથન તથા સ્વપ્નપાઠકને પ્રશ્ન યાવત્........વિચરે છે.

ત્યારબાદ તે પ્રભાવતીદેવીને ત્રણ માસ બહુ જવા પછી આ પ્રમાણે **દોહદો** ઉત્પન્ન થયા. તે માતાઓને ધન્ય છે કે જેઓ જળસ્થળની શોભાયમાન ઘણી પંચરંગી માળાઓવડે આચ્છાદિત તથા ઢાંકેલી શય્યામાં સુખે બેસે છે, સુખે સુવે છે અને રહે છે. તથા પાડલ, મલ્લિકા, ચંપક, અશોક, પુન્નાગ, નાગ, મરવો, દમણક, અણોજ્જ તથા શતપત્રથી બનેલ અતિ સુંદર સ્પર્શ તથા રંગવાળા તીવ્ર ગંધ સમૂહવાળા મહાન્ શ્રી દામગંડને સુંઘતી—મૂકતી પોતાની ઇચ્છાઓને તૃપ્ત કરે છે. ત્યારે તે પ્રભાવતી રાણીને આ દોહદ ઉત્પન્ન થયો છે એમ જાણીને નજીકના વાણવ્યંતર દેવો કુંભરાજાના મહેલમાં જળસ્થળની યાવત્........પંચરંગી કુંભપ્રમાણ ભારપ્રમાણ માળાઓ એકઠી કરે છે અને એક શ્રી દામગંડને યાવત્........તીવ્ર ગંધ સમૂહવાળાને મેળવે છે; ત્યારે તે પ્રભાવતીદેવી જળસ્થળના યાવત્ ......માળાઓથી દોહદને પૂરો કરે છે. એ રીતે તે પ્રભાવતીદેવી પ્રશસ્ત દોહદવાળી યાવત્........રહે છે.

ત્યારબાદ તે **પ્રભાવતીદેવી**એ નવ મહિના અને સાડાસાત દિવસ જતાં હેમંતઋતુના પ્રથમ મહિનામાં બીજા પક્ષમાં માગશર શુદિ અગીયારસ તીથિએ મધ્યરાત્રી સમયે **અશ્વિની** નક્ષત્રનો યોગ આવતાં ઉચ્ચ સ્થાનમાં ગ્રહો, યાવત્........મનુષ્યો હર્ષક્રીડામાં તત્પર હતા ત્યારે નિરોગભાવે આરોગ્યવાન ઓગણીસમા તીર્થંકરને જન્મ આપ્યો. ( સૂત્ર ૬૫ ) ( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આવાહન.

ભક્તિ કરો શુદ્ધ ભાવે રે,
વીર વાણી ધારો ભાવે રે. .... .... અં
વીર વિના શેને ઉદ્ધરશો રે,
સત્યાધાર ક્યાંથી ધરશો રે ? ... .... ત
પળ વિપળે ધ્યાને ધરજો રે,
આચાર સૌ શુદ્ધ કરજો રે. .... .... ર્ના
દંભ, દ્વેષ, દગો ત્યાગો રે,
જ્ઞાન, દર્શન, ચારિત્ર માગો રે. .... .... દ
ક્રોધ, માન, માયા, લોભ છોડી રે,
રહો સત્ય માર્ગે ચિત્ત જોડી રે. .... .... ઝી
સત્ય, સમતા, સત્સંગ સેવો રે,
મિથ્યાત્વ, મમત્વ છોડી દેવો રે. .... .... લી
સુગુણગ્રાહી વીરગુણ ગાવો રે,
વીર ભક્ત સૌ આવો આવો રે. .... .... કા
વીરવાણી સદા સુખકારી રે,
કહે છે સૌ સંત હિતકારી રે, .... .... ઢો
અભિલાષ ઉરે આ ઝાવો રે,
સૌ સાથે મળી વીર ધ્યાવો રે. .... .... ક
અર્પે તેજ આતપ નિર્મલ રે,
ગ્રહે વારિના કુમુદ કમલ રે, .... .... ર્મ
એક તેજ દ્વેષી કરમાય રે.
બીજો વિમળ ભાવે મલકાય રે. .... .... ની
વીર વાણીએ કર્મ કચડાય રે,
કર્મ બંદીકૃત આત્મા ઓપાય રે. .... .... ખી
પ્રમાદે વીસરતાં ભરમાય રે,
અનુચરતાં જ્ઞાને મુક્તિ થાય રે. .... .... લી
ઓ ભવીભદ્ર ભવ પારા રે,
ધ્યાવો "વિનયે" વીર ધ્યાવો રે. .... ... ૐ !

**વિનયકાંત કાંતિલાલ મહેતા.**—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉન્નતિનેપંથે (ચાર ગુણની પ્રાપ્તિ.)

ભાવથી **ગૃહીધર્મ** જેને પ્રાપ્ત થાય છે તેનામાં **ચાર** ગુણ અવશ્ય પ્રગટે છેઃ—

૧ પ્રથમ **આત્મશાન્તિ**—આત્મા આત્માકારે પરિણમે ત્યારે અદ્‌ભુત આનંદ પ્રગટે છે.

૨ **મનનો સંતોષ**—આસક્તિ વિનાનું મન થાય છે અથવા વિષયાદિકમાં આસક્તિ ઓછી થતાં મન દોડાદોડી કરવાનું કામ બહુ જ ઓછું કરતું હોવાથી મનની શાંતિ ટકી રહે છે; અથવા કર્મના સિદ્ધાન્ત જાણતો હોવાથી જે થાય છે તે યોગ્ય થાય છે એમ સમજી, બહુ ઉત્પાત કે હાયવોય ન કરતાં તેમાં સાક્ષીભાવે રહે છે તેથી શાંતિ મળે છે.

૩ **ત્રીજો ગુણ**—તેને કર્મની આવક ઓછી થાય છે. કર્મની મોટી લાંબી સ્થિતિને તે બાંધતો ન હોવાથી, કર્મનો બોજો હલકો થવાને લીધે મન સ્ફુર્તિવાળું સાત્વિક બને છે.

૪ **ચોથો ગુણ**—સંસાર પરિભ્રમણનો ભય ઓછો થાય છે. પોતાનાં તાત્વિક જ્ઞાન અને વર્તનથી તેને સંતોષ થાય છે; તેનું મન કબુલ કરે છે કે હવે મારે વધારે ભવભ્રમણ કરવું પડશે નહીં.

## "આત્માર્થી ભાઇ બ્હેનોએ અવશ્ય આદરવા યોગ્ય શ્રાવકનાં બાર વ્રતો [ સંક્ષેપમાં ]

પહેલું **અહિંસા વ્રતઃ**—હાલેચાલે તેવા મોટા ત્રસ જીવો જે નિરપરાધી હોય તેમને જાણી જોઇને ઇરાદાપૂર્વક મારવાની બુદ્ધિથી મારીશ નહીં. (આરંભાદિ કારણે જયણા.) ૧

બીજું **સત્ય વ્રતઃ**—કોઇને પ્રાણહાનિ જેવું નુકશાન થાય તેવું અસત્ય હું બોલીશ નહીં ૨

ત્રીજું **અચૌર્ય વ્રતઃ**—જૂલમ, અન્યાય કે વિશ્વાસઘાત કરીને કોઇનું ધનાદિ ગ્રહણ નહીં કરૂં. ૩

ચોથું **સ્વસ્ત્રી–પતિ સંતોષ વ્રતઃ**—વિવાહિત સ્વસ્ત્રી કે પતિ સિવાય અન્ય સાથે વિષયભોગનો ત્યાગ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચમું **પરિગ્રહપરિમાણ વ્રતઃ**—ધન ધાન્યાદિકનું અમુક પરિમાણ રાખી બાકીનાનો ત્યાગ. ૫

છઠ્ઠું **દિગ્‌વિરમણ વ્રતઃ**—ચાર દિશા, ચાર વિદિશા અને ઉંચે નીચે જવા આવવાનું અમુક પ્રમાણ રાખીને સ્વધર્મ–કર્મનો નાશ થાય તેવા દેશાદિકમાં પરિભ્રમણ કરવાનો ત્યાગ. ૬

સાતમું **ભોગોપભોગવિરમણ વ્રતઃ**—માંસ, મદિરાદિક અભક્ષ્ય ખાનપાનનો સર્વથા ત્યાગ તથા મહાઆરંભ–સમારંભવાળા પંદર કર્માદાનના પાપ વ્યાપારોનો સર્વથા બનતાં સુધી ત્યાગ. ૭

આઠમું **અનર્થદંડવિરમણ વ્રતઃ**—નિષ્પ્રયોજન પાપ લાગે તેવાં નાટક પ્રેક્ષણાદિકનો, અસતી પોષણાદિકનો, કોઇને ખોટી સલાહ કે પાપોપદેશ દેવા વિગેરેનો વિવેકથી ત્યાગ. ૮

નવમું **સામાયક વ્રતઃ**—સમભાવમાં, આત્મભાવમાં, આત્માકાર વૃત્તિ કરીને નિત્યે બે ઘડી સુધી ધ્યાન–ચિન્તવન કરવું અથવા પંચવિધ સ્વાધ્યાયનું સેવન કરવું. ૯

દશમું **દેશાવગાસિક વ્રતઃ**—પૂર્વોક્ત છઠ્ઠા વ્રતનો સંક્ષેપ કરવો. ચૌદ નિયમો દિવસ રાત્રી કે પક્ષ માસાદિકની મર્યાદાથી ધારવા. દશ અથવા એકથી વધારે સામાયક સુધી શાન્તિમાં એક સ્થળે રહેવું. ૧૦

અગીયારમું **પૌષધ વ્રતઃ**—આઠમ, પાખીપ્રમુખ પર્વ દિવસે મહિના કે વર્ષમાં ચાર પહોર કે આઠ પ્રહર સુધી આત્મભાવમાં રહેવાનો નિશ્ચય ( નિયમ ) કરી પોષધશાળાદિકમાં રહેવું. ૧૧

બારમું **અતિથિસંવિભાગ વ્રતઃ**—સંયમધારી અતિથિ એવા સાધુ સાધ્વીઓ વિગેરેને ઉદાર દીલથી દાન–નિર્દોષ પ્રાશુક આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, સ્થાન, ઔષધાદિક આપવું. ૧૨

સૂચના—ઉકત વ્રતોનો પ્રથમ અભ્યાસ પાડી, પોતાની શકિત વિચારી, સઘળાં કે બને તેટલાં વ્રતોનું દ્રવ્યભાવથી સ્વરૂપ ગુરૂગમ્ય સમજીને આદરવાથી તે અધિક હિતદાયક થાય છે. **ઇતિશમ્.**

લે૦ સદ્‌ગુણાનુરાગી,

મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજનની સફળતા.

## ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું.

શ્રીમદ્ આનંદઘનજી મહારાજના ઉપલા વચનમાં સારાયે પૂજનનું રહસ્ય સમાયેલું છે એમ કહેવામાં જરાપણ અતિશયોકિત જેવું નથી. જૈનો પ્રભુ-પૂજા ને આંગી રચના માટે અઢળક દ્રવ્ય વ્યય કરનાર તરિકે સુવિખ્યાત છે; છતાં દિલગીરી સાથે કહેવું પડશે કે અન્ય ધર્મીઓના, ખાસ કરીને ક્રિશ્ચિયન કે શીખના દેવમંદિરો કરતાં આપણા આ દેવાલયોમાં અને રચનામાં શાંતિ ને કળા જવલ્લે જ દૃષ્ટિગોચર થાય છે.

એનું કારણ શોધવામાં આપણી વણિકબુદ્ધિ કામે લગાડવી જ જોઈએ. અવશ્ય દેવપૂજા એ ભકિતનું પ્રાથમિક સાધન છે છતાં સાધન જો સાધ્યને ભૂલાવી દેતું હોય તો, અથવા સાધન પોતે સાધ્ય પર આવરણરૂપ બનતું હોય તો, અગર તો સાધ્યના સાચા શિક્ષાસૂત્રોનો સાધનમાં અપલાપ થતો હોય તો ઘડીભર એ સ્થિતિ ચલાવી ન જ શકાય. સાચો જૈન એમાં યથાશકિત સુધારણા અર્થે યત્ન આદરે જ. આ વિષયમાં ઉંડા ઉતરતાં પૂર્વે પૂર્વાચાર્યોએ સાત પ્રકારની શુદ્ધિ સાચવવા માટે આપણું લક્ષ્ય ખેંચ્યું છે તે વાત યાદ કરી જઇએ.

એમાં વસ્ત્રશુદ્ધિ તરફ જોઇશું તો આપણને જણાશે કે સમાજનો મોટો ભાગ પૂજાના વસ્ત્ર પોતીકા સ્વતંત્ર રાખવાનું હજી શીખ્યો જ નથી ! આ શું ઓછું શોચનીય છે ! દેરાસરે રખાતા વસ્ત્ર કેટલા સ્વચ્છ હોય છે તે આપણી જાણ બહાર નથી જ. કદાચ યાત્રાળુ કે પરદેશથી આવનાર વર્ગ એનો લાભ લે તો એ સમજી શકાય તેવું છે, પણ જેઓને રોજ પૂજા કરવી છે અને જેઓ સાંસારિક યા તેવા અન્ય પ્રસંગોએ ખર્ચ કરતાં જરા પણ મુંઝાતા નથી તેઓ શા સારૂ પૂજન માટે એક ધોતર ને ઉત્તરાસન ન વસાવી શકે ? દેરાસરમાં કિંવા ઘરના એક ભાગમાં એકાદી ખીંટી પર અલગ રાખતાં તેમને કોણ પ્રતિબંધ કરે તેમ છે ? કદાચ કહેવામાં આવે કે પ્રમાદથી જ એમ બનતું નથી તો એ બચાવ પળવાર પણ ટકી શકે તેમ નથી; કારણકે પરમાત્મા મહાવીરદેવનું ગણધર શ્રીગૌતમસ્વામી જેવાને ‘ ક્ષણમાત્ર પ્રમાદ ન કરીશ ’ એવું શિક્ષાસૂત્ર હતું તો આપણા જેવા પામરો માટે તો એ હોય એમાં શું આશ્ચર્ય ! આ તો ભકિતથી વશીકરણ કરવાના મંત્રનો સામાન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાઠ માત્ર છે. વસ્ત્રશુદ્ધિ સાચવવામાં ધર્મના ફરમાન કરતાં પણ દેહરક્ષાનું પાલન વધુ અંશે દૃષ્ટિગોચર થાય છે. પરસ્પરના ભિન્નજાતિય પરસેવાથી તેમજ રોગથી બીજાઓને એનો ચેપ બેસે છે એ વાત આજે નવેસરથી સમજાવવાની ન હોય. વળી સંઘના ધોતીઆ એટલે એની સાચવણમાં વિવેકનું નામ ન મળે ! એમાંથી કેટલેક સ્થળે તો બદબો છુટતી હોય ત્યાંલગી કોઇને ધોવડાવવાની પરવા પણ નથી હોતી ! વળી ઘણાને તો પૂજા કરી આવ્યા બાદ પેટીમાં નાંખવાની કે ખીંટી પર ભરાવવાની પણ તસ્દી લેતાં ભાર પડે છે; જ્યારે કેટલાક તો ખેસનો પહેરવામાં પણ ઉપયોગ કરતાં શરમાતા નથી ! ઘણી જગ્યાએ પૂજાના વસ્ત્રો એવા પ્રકારના જ હોય છે કે એમાં ધોતીઆ ઉત્તરાસનની લાઇન દોરી કરનાર અવશ્ય મુંઝાય.

આ તો એક દૃષ્ટિબિન્દુથી વાત થઇ. હવે બીજું લઇએ. શ્રીમંતોને ઉપરોક્ત સ્થિતિનો અનુભવ નથી કરવો પડતો. ઘણા અલગ વસ્ત્રો રાખે છે, પણ મોટા ભાગે જોશો તો રેશમી વસ્ત્રો જ ! ભલે તે પીળા, લીલા કે શ્વેત ને શોભીતા લાગે ! કદાચ તેના ચકચકાટમાં અંજાઇ પણ જવાય ! છતાં એ પવિત્ર ને શુદ્ધ છે એમ કહેવાની હિંમત તો ખુદ વાપરનાર પણ નહિં કરી શકે.

આજે એ વાત છુપી તો નથી જ રહી કે રેશમની ઉત્પત્તિ એટલે લાખો કોશેટાના પ્રાણનું બળિદાન ! ઉના-ચામડીને બાળી નાંખે તેવા ખળખળતા પાણીમાં લાખો અને કરોડો જીવતા કીડા સ્વાહા થઇ જાય ત્યારે માંડ મૂઠી ભરાય તેટલું રેશમ હાથમાં આવે ! આ આખુંયે ચિત્ર-તે સાચું જ છે એકાદા જૈનની ચક્ષુ સામે બનતું હોય તો શું એ રેશમી વસ્ત્રો અને તે પણ પૂજા જેવા આત્મકલ્યાણકારી પ્રસંગે પહેરવાની ધૃષ્ટતા કરશે કે ? ધારો કે એ અખતરા સામે આપણા કોઈ સાધુ મહારાજને માનપૂર્વક તેડી જઇએ તો ત્યાં તે રેશમી વસ્ત્રોના પરિધાન માટે પૂર્વાચાર્યોના શ્લોક ટાંકવા ઉભા રહેશે કે ત્યાંથી મુખ ફેરવી પાછા વળવાનું પસંદ કરશે ? કદાચ ઉપદેશ દેવાની તાકાત હશે તો પેલાને આવી હિંસાથી હાથ ઉઠાવવા કહેશે ?

એ વેળા પેલો એટલો જ જવાબ દે કે બાપજી ! તમારી વાત જો કે સાચી જ હશે પણ પેટને ખાતર આ ધંધો કરી રહ્યો છું, અને તેમાં પણ જ્યારે રેશમની માંગ વધુ આવે ત્યારે એની નિપજ વધારવી એમાં હું શું ખોટું કરૂં છું ? પરંપરાનો ને કમાણીવાળો આ ધંધો છોડી બીજો કયાં શોધવા જઉં ? વળી જયાં લગી એના વાપરનારા પડ્યા છે ત્યાં લગી હું નહિં કરૂં તો મારા બીજા ભાઈઓ પણ એ ધંધો તો જરૂર કરવાના ને ! અને આગળ વધી એ પોકારે કે સાહેબ, મને કહેવા કરતાં આપણા એ ભકતોને જ ‘ રેશમી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( વર્ષ ૨૯ ના અંક ૧૨ ના પૃષ્ઠ ૨૯૪ થી શરૂ. )

**કુંડલપુર**—પાવાપુરીથી વિહાર કરી ટુંકી પગદંડીને રસ્તે પશ્ચિમમાં આવેલ કુંડલપુર ગયા. પગદંડીને રસ્તે પાવાપુરીથી કુંડલપુર ૩ ગાઉ થાય છે. કુંડલપુરનું બીજું નામ વડગામ-**ગુબ્બરગામ** છે. પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર શ્રીઇન્દ્રભૂતિ ( ગૌતમસ્વામી ), અગ્નિભૂતિ અને વાયુભૂતિ ત્રણે ગણધરોની ( તેઓ પરસ્પર બન્ધુઓ હતા ) આ જન્મભૂમિનું સ્થાન છે. એક વાર બહુ સારી સ્થિતિમાં હશે તેમ તેના ખંડીયેરો ઉપરથી જણાય છે. હાલમાં તો નાનું ગામ છે. અહીં સત્તર જીનમંદિર હતાં; હાલમાં તો એક વિશાળ જીનમંદિર છે. નજીકમાં-બહાર વિશાળ ધર્મશાળા છે. વચમાં શ્રી ગૌતમસ્વામીની પાદુકાની દેરી છે.

કુંડલપુરથી પૂર્વમાં એક માઇલ દૂર **નાલંદાપાડો** છે, જેમાં પ્રભુ મહાવીરનાં ચૌદ ચાતુર્માસ થયાં હતાં, તે સ્થાન તો અત્યારે જંગલ જેવું જ પડયું છે; પરન્તુ હાલમાં ખોદકામ ચાલુ થવાથી બૌદ્ધસ્થાપત્યના અપૂર્વ નમુના નીકળ્યા છે. બૌદ્ધોનું નાલંદા વિદ્યાપીઠ આખું જમીનમાંથી નીકળ્યું છે. બૌદ્ધ ધર્મની યશોપતાકા ફરકાવતું આ વિદ્યાપીઠ જોવા દૂર દૂરથી ઘણા ભારતીય અને વિદેશી વિદ્વાનો આવે છે. પાશ્ચાત્ય ઇજનેરો આની બાંધણી અને રચના જોઇ દીંગ્ થઇ જાય છે. જમીનમાંથી નીકળેલી પુરાણી વસ્તુઓનો

---

વસ્રો ન વાપરવા, એવો બોધ આપો તો ઝટ નિવેડો આવે. જ્યાં કમાણી ઘટશે કે આપોઆપ અમને બીજો ધંધો શોધવાની ગરજ પડશે.

આપણે તો લંબાણ કર્યું. મુદ્દાની વાત તો એટલી જ કહેવાની કે અહિંસા ધર્મના અનુયાયી તરીકે આપણું કર્ત્તવ્ય શું હોઇ શકે? દયાના નામે અતિ સૂક્ષ્મતાની વાતો કરનાર આપણા ગુરૂદેવો આ બાબતમાં કેવી રીતે સુધારો કરાવી શકે? આ નજીવો સવાલ નથી. માત્ર જુના પાઠો ધરી દેવાથી નજર સામેની આ હિંસામાં આપણે નિમિત્ત ભૂત નથી થતા એમ કહેવું એ વિચારક વર્ગને ભાગ્યેજ ગળે ઉતરે તેમ છે. જે કાળે એ શ્લોક લખાયા હશે તે કાળે કેમ શુધ્ધ માર્ગે અને જીવના ઘાત વગર રેશમની પ્રાપ્તિ નહીં થતી હોય! એ સિવાય અન્ય અનુમાન પણ કરી શકાય, પણ એ શ્લોકના અવલંબનથી ચાલુ કાળમાં દેશની પરિવર્તન પામતી સ્થિતિમાં એ ખોટી ઘરેડનો-એ દુષિત પ્રથાનો-બચાવ તો ન જ કરી શકાય. વધુ વિચાર હવે પછી.

**લે૦ ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ્રહ ત્યાંના મ્યુઝીયમમાં રાખેલ છે. મ્યુઝીયમ જોવાનો ટાઇમ બહુ થોડો અને કફોડો છે. માત્ર બપોરના એકથી બે સુધી એક જ કલાક ખુલ્લું રહે છે. હજી બે જ ટીંબા ખોદાયા છે, હજી ઘણું બાકી છે. કહે છે કે એમાંથી જૈન ધર્મની ગૌરવસૂચક પ્રાચીન વસ્તુઓ લભ્ય થશે. રાજા શ્રેણિકના સમયમાં અહીં બહુ જ જાહોજલાલી હતી મગધની રાજધાનીના એક વિભાગની એ જાહોજલાલી અને વૈભવ માત્ર ગ્રંથોમાં વાંચવા મળે છે. આ વિદ્યાપીઠ નીકળવા પછી જંગલમાં મંગળ થયું છે. વડગામ ( કુંડલપુર ) અને ખાસ કરીને નાલંદાનો ભૂતપૂર્વ વૈભવ જૈન કવિઓએ નીચે પ્રમાણે વર્ણવ્યો છે.

( ચોપાઇ. )

નાલંદઇ સવિલોક પ્રસિદ્ધ વીરઈ ચઉદ ચઉમાસા કીધ;
મુગતિ પહોંતા સવે ગણહાર સીધા સાધ અનેક ઉદાર. ૬૭
દસઇ તેહતણું અહિનાણુ પુહવઈ પ્રગટી યાત્રાષાણિ;
પ્રતિમા સત્તર સત્તર પ્રાસાદ એક એકસ્યું મંડઇ વાદ. ૬૮
પગલાં ગૌતમસ્વામીતણાં પૂજી નઇં કીજઇ ભામણાં;
વીર જીણેસર વારા તણી પૂજી પ્રતિમા ભાવઇ ઘણી ૬૯

( જયવિજયજી વિરચિત સમ્મેતશિખર તીર્થમાલા. પૃ. ૩૦ )

રાજગૃહીથી ઉતરે ચિત ચેતો રે, નાલંદાપાડો નામ; જીવ ચિત; ચેતો રે.
વીરજીણંદ જીહાં રહ્યા ચિ૦ ચઉદ **ચોમાસાં** તામ. જી૦
વસતા શ્રેણિક વારમાં ચિ૦ **ઘર સાઢી કોડિ બાર;** જી૦
તે હવણાં પરસિદ્ધ છે ચિ૦ વડગામ નામ ઉદાર. જી૦ ૧
એક પ્રાસાદ છે જીનતણો ચિ૦ **એક થુભગામમાંહિ;** જી૦
અવર પ્રાસાદ છે જૂના જીકે ચિ૦ પ્રતિમા માંહિ નાહિ. જી૦ ૨
પાંચ કોશ પશ્ચિમ દિશેં ચિ૦ **થુભકલ્યાણક** સાર; જી૦
ગૌતમ કેવલ તિહાં થયા ચિ૦ યાત્રાષાણ વિચાર. જી૦ ૩
વડગાંમે પ્રતિમા વડી ચિ૦ બૌધમતની હોય; જી૦
તિલિયાબ્રિરામ કહે તિહાં ચિ૦ વાસી લોક જે હોય જી૦ ૪

( સૌભાગ્યવિજય વિરચિત તીર્થમાલા. પૃ. ૯૧-૯૨ )

વિજયસાગરજી પણ પોતાની તીર્થમાલામાં બે મંદિર અને સો પ્રતિમાજી હોવાનું જણાવે છે. જુઓ આ રહી તેમની નોંધ—

બાહરી નાલંદાપાડો, સુણયો તસ પુણ્ય પાવડો;
વીર ચઉદ રહ્યા ચોમાસ, હવણાં વડગામ નિવાસ. ૨૩
ઘર વસતાં શ્રેણિક વારઇ, **સાઢી કુલ કોડિ બારઇ;**
બિહુ દેહરે **એક સો પ્રતિમા** નવી લહઇ બોધની ગણિમા. ૨૪

પૃ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( વર્ષ ૨૯ ના અંક ૧૨ ના પૃષ્ટ ૩૦૫ થી શરૂ )

અનુ૦—વિઠ્ઠલદાસ મૂ. શાહ.

જ્યારે તમે કોઇ મનુષ્ય અથવા કોઇ બીજી વસ્તુને જુઓ ત્યારે મનમાં એમ વિચાર કરો કે તે આત્મા છે. તેનો નિરંતર અભ્યાસ કરવાથી નામ તથા રૂપ વિરોહિત થઈ જશે અને આત્મા પ્રકાશિત થઇ ઉઠશે. સાંસારિક દૃષ્ટિ અંતર્હિત થઈ જશે પરંતુ તેને માટે અત્યંત પ્રયાસની આવશ્યકતા છે. પછી શ્વાનમાં શ્વાન-દૃષ્ટિ નહિ રહે, તેમાં તમે આત્માને જ જોશો અને અનુભવશો. સાધનકાળમાં જુના સંસ્કાર તમને પીડા કરશે. તે તમારા ખરા શત્રુ છે. ખૂબ સાહસવડે તેની સાથે યુદ્ધ કરો. તે સમ્યક્‌જ્ઞાનનું સાધન છે. એનાથી તમને આત્માનું સમ્યગ્‌દર્શન થશે, તમે બધા વિષયોને આત્મવત્ જોશો. વિચારો

---

કવિ હંસસોમ **સોળ જીનમંદિર** હોવાનું જણાવે છે. આ ઉપરથી એમ લાગે છે કે એક વાર આ સ્થાને કરોડો શ્રાવકો અને અનેક જીનમંદિરો હશે-તેથી વિભૂષિત હશે. કવિ સૌભાગ્યવિજયજીએ જણાવેલ બૌદ્ધની બન્ને પ્રતિમાઓ અદ્યાપિ પર્યંત વિદ્યમાન છે. અહીંના ભૂદેવો-બ્રાહ્મણો તેમાંથી એકને બળીયાકાકા અને બીજી પ્રતિમાને રામચંદ્રજી તરીકે પૂજે છે; જ્યારે કેટલાકો તેને ભૈરવજી કે કેટલાક તેને ક્ષેત્રપાલ તરીકે માને છે. તેને ચમત્કારી માની અનેક માનતા, બાધા, આખડી રાખે છે. ભૂદેવોના તો એ અન્નદાતા છે એમ કહું તો ચાલે. અત્યારે પણ વડગામમાં બ્રાહ્મણોની વસ્તી વધારે છે. કવિ સૌભાગ્યવિજયજી પોતાની તીર્થમાલામાં અહીંથી પાંચ કોશ દૂર ગૌતમસ્વામીના કેવળ કલ્યાણકના સ્થાને સ્તૂપ હોવાનું જણાવે છે; પરન્તુ અત્યારે તેમાંનું કશું અહીં વિદ્યમાન નથી. શ્રી જયવિજયજીએ પોતાની સમ્મેતશિખર તીર્થમાળામાં ગૌતમ ગણધરોના નિર્વાણસ્થાન તરીકે આ સ્થાનને ઓળખાવ્યું છે તે તો રાજગૃહીની અપેક્ષાએ છે. વડગામ તે વખતે રાજગૃહીની તદ્દન નજીકનું નાનું ગામ લાગે છે શ્રાવકો માટે તો બિહારથી રાજગૃહી જતી લાઇનનું નાલંદા સ્ટેશન આવે છે, ત્યાંથી વડગામ ( કુંડલપુર ) એ માઇલ અને નાલંદા દોઢ માઇલ દૂર છે. કેટલાક ભાવિક શ્રાવકો તો ગાડામાં જાય છે-પગરસ્તે જાય છે એટલે પાવાપુરીથી બિહાર થઇ કુંડલપુર થઇ રાજગૃહી જાય છે. નાલંદા B. B. L. નું સ્ટેશન છે અને કુંડલપુરનું પોષ્ટનું ગામ સિલાવ છે. કુંડલપુર તીર્થની વ્યવસ્થા શ્વેતાંબર પેઢીના મેનેજર બાબુ ધન્નુલાલજી સૂચન્તિ કરે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ અનુભવો કે સર્વ કાર્યો આત્મપૂજા જ છે. તમે સર્વત્ર આત્માને જોશો એટલે તમારી લઘુતાની ભાવના તથા તુચ્છ સેવાની ભાવના અદૃશ્ય થઇ જશે.

કોઇ એકાન્ત સ્થાનમાં પદ્મ, સિદ્ધ, સુખ અથવા સ્વસ્તિક આસનથી બેસો. તમારી જાતને સર્વ પ્રકારની વાસનાઓ, ભાવનાઓ તથા તૃષ્ણાઓથી મુક્ત કરો, ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરો, વિષયોથી મનને ખેંચી લ્યો, ત્યારે જ મન શાંત, એકાગ્ર, શુદ્ધ અને સૂક્ષ્મ થઇ જશે. એ સુસાધનદ્વારા સુસમાહિત ચિત્ત કેવળ પ્રભુનું ચિન્તન કરે છે. બીજા કોઇ પણ વિષયનું ચિંતન ન કરો.

વર્તમાન યુગના ઘણા મનુષ્યોને માટે હઠયોગ અને રાજયોગના સાધન અનુકૂળ નથી હોતા; કેમકે અનેક મનુષ્યોના શરીર મજબૂત તથા હૃષ્ટપૃષ્ટ નથી હોતા. તેઓ દુર્બલ હોય છે. ભક્તિયોગ સરસ અને સહજ છે. કોઇ પણ માણુસ ભગવાનનું નામ જપી શકે છે. કોઇ પણ પુરૂષ તેના ગુણગાન કરી શકે છે. અનન્ય ભક્તિ વગર જ્ઞાનની પ્રાપ્તિ નથી થતી. જ્યારે ભક્તિનો પૂર્ણ પરિપાક થાય છે ત્યારે વગર પ્રયાસે જ્ઞાનનો ઉદય થાય છે.

નિરંતર ઇશ્વર ચિંતન કરો, તમે ઘણી જ સહેલાઇથી મન વશ કરી શકશો.

પોતાની ઇચ્છાઓની પૂર્તિ માટે પ્રયાસ ન કરો. એ પણ મન વશ કરવાનો એક માર્ગ છે.

મન એક વેશ્યા સમાન છે. એ એક વિષયથી બીજા વિષય પર કૂદ્યા કરે છે. તે અનેકતા ઇચ્છે છે. વિચારદ્વારા એને પવિત્ર રાખવું જોઇએ. તેને જરૂર તમારા સાધન–જીવનમાં પાંચ વર્ષ સુધી એક સ્થાને પડયા રહેવાની શિક્ષા કરો. તે સાધન, કર્મ, ભક્તિ, વૈરાગ્ય કે કોઇપણ આધ્યાત્મિક અભ્યાસનું હોય.

મનના નાશના પાંચ ઉપાય છે. બે તો યોગની રીત છે. અને બાકીની ત્રણ જ્ઞાનયોગની સાથે સંબંધ રાખનાર છે.

(૧) જે કોઇ વિચાર ઉઠે તેને બહાર કાઢી નાખો. તમારા મનમાં બોલે છે કે એ વિચાર નહિ, મને એ વિચારની આવશ્યકતા નથી (૨) પ્રતિપક્ષ–ભાવના, વિરોધી ભાવનાને સ્થાન આપો. દ્વેષના સ્થાને પ્રેમ, અને ભયના સ્થાને સાહસનો પ્રયોગ કરો. (૩) બ્રહ્મભાવના ધારણ કરો, સઘળા સંકલ્પ નષ્ટ થઇ જશે. (૪) મનના સાક્ષી બનીને ઉદાસીનવૃત્તિ ધારણ કરો. (૫) નિરંતર જીજ્ઞાસા કરો. ‘ હું કોણ છું ’ ? બધા વિચારો નષ્ટ થઇ જશે.

‘ मनोजय एव महाजयः ’ મન પર વિજય મેળવવો એ જ સૌથી મોટો વિજય છે. ‘ મન જીત્યું તેણે સઘળું જીત્યું ’ જેણે મન જીતી લીધું તેણે આખું જગત જીતી લીધું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને પોતાની જાતમાં લય કરી દેવું એ જ મુક્તિ છે.

ભાવના જગતને રચે છે, ભાવનાથી જ વસ્તુની સ્થિતિ થાય છે, ભાવના તૃષ્ણાને વધારે છે અને વાસનાને ઉત્તેજીત કરે છે; તેથી તૃષ્ણા અને વાસનાને મારવાની એક વિરૂદ્ધ ભાવના પહેલાંની તૃષ્ણા પૂરી થવાની ભાવનાથી વિપરીત કામ કરશે. એટલે જ્યારે માણસ એ વિરોધી ભાવનાથી એક વખત પ્રભાવિત થાય છે ત્યારે તે વિરોધી ભાવના તેને તૃષ્ણા અને વાસનાનો નાશ કરવામાં સહાયક બને છે.

જો તમે અમીરાઇથી રહેવાની ભાવનાથી પ્રભાવિત નહિ થયા હો તો ઠાઠ-માઠથી રહેવાનું તમે પસંદ નહિ કરો. જ્યારે તમારા હૃદયમાં એવી ભાવના દૃઢ થઇ હોય છે કે અમુક વસ્તુ જરા પણ સુખકારક નથી ત્યારે તમારૂં મન તેને માટે કદિ ઇચ્છા નહિ જ કરે. તમે એ વસ્તુ છોડી દો છો અને અમીરી જીવન બંધ કરી દો છો તો તમારા મનમાં જરા પણ દુઃખ થતું નથી. તમે એક સુંદર યુવતી તરફ શા માટે આકર્ષાઓ છો? કેમકે તમારી મૂર્ખાઇને લઇને તમે ફોકટ તેની દ્વારા સુખ પામવાની ચિન્તા કરો છો. હવે જો તમે વિવેકનું શરણ લ્યો તો તે તમને તુર્ત જ બતાવી આપશે કે તેના દ્વારા તમને અત્યંત કષ્ટ થશે. ત્યારે એ વિષય-યુવતીની તરફથી મન હઠી જશે.

વાણી મનનું એક પૈડું છે, કેમકે વાણીદ્વારા જ મન પોતાના ઇષ્ટ વિષયની સમીપ જાય છે. એ રીતે ઘ્રાણ પણ એક પૈડું છે, કેમકે ઘ્રાણદ્વારા જ મન ગન્ધના વિષયોની પાસે પહોંચે છે; તેવી જ રીતે ચક્ષુ પણ એક પૈડું છે, કાન પણ એક પૈડું છે.

વિવેકના ઉદયથી ઇચ્છાઓ નિર્મૂળ થઇ જાય છે. ઇચ્છાઓ બંધ થઇ એટલે અવિવેકપણું પણ નિર્મૂળ થઇ જાય છે.

ઇચ્છા, વિચાર અને અહંકાર એક દોષચક્રનું નિર્માણ કરે છે. તેમાંથી એકનો નાશ થાય તો બાકીના બે આપોઆપ નષ્ટ થઇ જશે. તે ત્રણે મનમહેલના સ્તંભો છે. મનસાંકળની કડીઓ છે. કોઇ પણ એક કડીનો નાશ થતાં જ આખી સાંકળ તૂટી જશે.

વાસનાનો નાશ કરવામાં સાવધાન થઇ જાઓ. ઇન્દ્રિયો, મન તથા બુદ્ધિ વાસનાના સ્થાન છે. શરીરમાં ઇચ્છા સર્વવ્યાપી હોય છે. પ્રત્યેક છિદ્ર, પ્રત્યેક અણુ, પ્રત્યેક જીવાણુ, પ્રત્યેક વિદ્યુદણુ વાસનાથી ઓતપ્રોત હોય છે. વાસનારૂપી સિન્ધુમાં નિમ્નસ્ત્રોત, અવાન્તરસ્ત્રોત, અંતરસ્ત્રોત અને બાહ્યસ્ત્રોત હોય છે. તમારે એ સર્વનો નાશ કરવો પડશે. એનો નાશ કરવામાં વિવેક, વિચાર અને ભગવદ્ભાવના તમને સહાય કરશે. એક તેનાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિપરીત ઇચ્છા-ભગવાન્પ્રાપ્તિની ઇચ્છા સાંસારિક ઇચ્છાઓનો નાશ કરી નાંખશે. ધાર્મિક ઇચ્છાઓદ્વારા પાપાત્મક ઇચ્છાઓનો નાશ કરો. આગળ વધતાં એ મુમુક્ષત્વ (ભગવાન્ પ્રાપ્ત કરવાની ઇચ્છા) ને પણ નષ્ટ કરો. શુભવાસના-દ્વારા અશુભ વાસનાનો ત્યાગ કરો અને નિદિધ્યાસનદ્વારા સ્વરૂપવાસનાનો ત્યાગ કરો.

બન્ધનનું કારણ સંકલ્પ છે. બની શકે ત્યાં સુધી તમારે એને નિર્મૂળ કરી નાખવું જોઇએ. એ મૂળ કારણ સંકલ્પનો નાશ એ જ મોક્ષ છે. એ સંકલ્પનો નાશ કરવામાં ખૂબ બુધ્ધિમત્તાથી લાગી જવું જોઇએ.

'सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ।

જ્યારે સર્વ સંકલ્પોનો ત્યાગ કરી દે છે ત્યારે જ માણુસ યોગારૂઢ કહેવાય છે.

જ્યારે મનના સહયોગથી પાંચે ઇન્દ્રિયો વિષયોમાં ચોંટી જાય છે ત્યારે તેનાથી જે ઇચ્છા ઉત્પન્ન થાય છે, તે જ બન્ધન છે; પરંતુ તેના પ્રત્યે અનાસક્તિ એ જ મોક્ષ છે.

અભિમાન, ભ્રમ તથા તૃષ્ણા મનના બંધનની જૂદી જૂદી દોરીયો છે.

વિવેકયુકત મનદ્વારા જ્ઞાની પુરૂષ પોતાના નિમ્ન પ્રકૃતિસ્થ મન ઉપર પુરેપુરો અધિકાર જમાવી લે છે. 'उद्धरेदात्मनात्मानम्' આત્માવડે જ આત્માનો ઉધ્ધાર કરો

જેમ લોઢું લોઢાને કાપી નાંખે છે તેમ વિવેકનો પૂર્ણ વિકાસ કરીને એકાગ્ર મનદ્વારા જૂદા જૂદા વિષયો તરફ દોડનાર મનનો નાશ કરો. બુધ્ધિમાન પુરૂષ ગંદી માટીથી જ ગંદા કપડાને સાફ કરી નાંખે છે. એક નાશકારક અગ્ન્યાસ્ત્રથી વિપરીત વરૂણાસ્ત્ર કાર કરે છે. સર્પદંશનું ઝેર તેનાથી ઉલ્ટા ગુણવાળા ઝેરથી જ નષ્ટ થાય છે. એમજ જીવના સંબંધમાં છે.

ચિન્તનનો નાશ કરો. ચિન્તાશૂન્યતાનું સાધન કરો. ઇચ્છાઓનો નાશ કરી શકાય છે. અનિયંત્રિત વિચાર જ બધી ખરાબીનું મૂળ છે. ઉચ્ચ વિચાર સ્હેજ તુચ્છ વિચારોનો નાશ કરે છે. કોઈ પણ તુચ્છ વિચારને આશ્રય ન આપો.

કાલ્પનિક વાર્તાઓ ન વાંચો. વિષયવાસના સંબંધી વાત પણ ન કરો. જે મનુષ્યો વિષયવાસનામાં ડુબેલા હોય છે તેવા મનુષ્યોનો સંગ ન કરો. તમારા મન તથા આંખોને હમેશાં એ બાહ્ય વિષયોથી, કે જેનાથી વિષયવાસના ઉત્પન્ન થાય છે, દૂર રાખવાની ચેષ્ટા કરો. સાધુ પુરૂષોનો સંગ કરો. સદ્ગ્રંથોનો સ્વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાય કરો. જપ તથા ધ્યાન કરો. દૂધ, ફલ વગેરે સાત્વિક ભોજન કરો. તમે વાસનાઓ પર અધિકાર મેળવશો જ.

વિચારને વશ કરવાનો એ ઉપાય છે.

(૧) હું કોઇ પણ વિષયનું ચિન્તન નહિ કરૂં.

(૨) જો હું કોઈ પણ વિષયનું ચિન્તન નહિ કરૂં તો મને શાંતિ મળશે.

(૩) મારી ઇચ્છાશકિત બળવાન થઇ રહી છે. હું મારા વિચારોને વશ કરી શકું છું.

(૪) જ્યારે હું ચિન્તાશૂન્ય થઈ જઇશ ત્યારે મને સંપૂર્ણ શાંતિ મળશે હું ઘણી ઉત્સુકતાથી તે વિચારશૂન્ય અવસ્થાની પ્રતીક્ષા કરી રહ્યો છું.

મનના વધવા સાથે જ દુઃખ પણ વધે છે. મનના શયનની સાથે જ પરમાનન્દની પ્રાપ્તિ થાય છે. મનને વશ કરીને તમારી જાતને પ્રત્યક્ષ જગતથી મુકત કરી લ્યો; જેથી તમે જ્ઞાનમય બની શકો. સુખપ્રદ અને દુઃખપ્રદ વિષયો કે જે તમારી મનની સમતાવસ્થાને હરકત પહોંચાડે છે તેનાથી અચલ બની રહો અને એ સઘળા વિષયોને સમાનભાવથી ગ્રહણ કરો. ( ચાલુ. )

# *વિવિધ વચનામૃત.

૧ ત્હારા જીવનની અંદર અનેક પ્રકારની અડચણો, આફતો અને સંકટોવાળા પ્રસંગો આવે ત્યારે કાયર કે દુઃખી ન થતાં તેનો સામનો કરજે અને દરેક પ્રસંગોને શાન્તિથી પસાર કરજે કે જેથી મુક્તિમાર્ગ સરલ થાય.

૨ સંસારની અનેક પ્રકારની વિષયવાસનાઓથી ઉદાસીન રહેજે નહિંતર મુક્તિમાર્ગમાંથી તને તરત નીચે પટકી દેશે.

૩ ગુલાબનો ખપ હોય તો કાંટાથી ડરીશ નહિં.

૪ સુખી અગર દુઃખી જીવનની અંદર સમદષ્ટિ કર અને આશધના રહિત થા.

૫ જેમ જેમ તું ઇચ્છા રહિત થઇશ તેમ તેમ ત્હારી આપત્તિઓ નાશ થશે અને સંપદાઓ પ્રાપ્ત થશે. પ્રાપ્ત થયેલી સંપત્તિમાં મૂર્ચ્છિત ન થતાં વિરક્તભાવ ધારણ કરજે.

---

* યોજકઃ–સદ્દગત આચાર્યશ્રી વિજયકેશરસૂરિજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ દુનિયાના હરેક જીવો તરફ પૌદ્ગલિક દૃષ્ટિનો ત્યાગ કર અને આત્મિક દૃષ્ટિથી જો.

૭ જગતના દરેક મત મતાંતરો કે ધર્મોને અભેદવૃત્તિથી જો અને સાર ગ્રહણ કર. દરેકનું લક્ષ્યબિંદુ એક જ છે.

आकाशात् पतितं तोयं यथा गच्छन्ति सागरं ।
सर्वदेवे नमस्कारः केशवं प्रतिगच्छति ॥

૮ જ્યાં સુધી તારૂં લક્ષસ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તારો આત્મિક પ્રયાસ ચાલુ રાખજે અને દુનિયાના માયાવી સ્વપ્નગર્ભિત પદાર્થોથી લલચાઇ જઇશ નહિ.

૯ ત્હારા બંધનનું અને દુઃખના પ્રતિભાષનું તથા ખરાં મહાન્ સ્વરૂપનું વિસ્મરણ કરાવનાર અહંવૃત્તિનો ત્યાગ કરજે.

૧૦ કોઇપણ પૂર્ણ યા ન્યૂન ઇંદ્રિયજન્ય આત્મા કર્મજન્ય વ્યાપારને લઇ આત્મપ્રકાશની અંદર અપૂર્ણ હોય તો તેનો તિરસ્કાર ન કરતાં પૂર્ણ પ્રકાશમાં લાવવો તે જ શ્રેષ્ઠ છે.

૧૧ તને કોઇપણ નીચમાં નીચ અધમ સ્થિતિ પ્રાપ્ત થવાથી અન્યના અવર્ણવાદ બોલવા તે પોતાની જ અપૂર્ણતાનું ચિન્હ છે; કારણકે અન્ય તો નિમિત્તમાત્ર છે.

૧૨ પોતાની અદૃશ્ય આત્મિક શક્તિની દૃશ્યતા માટે અન્યની પ્રાર્થના કરવી તે પણ આત્મિક વિષયહીન છે.

૧૩ સુક્ષ્મ દેહધારી આત્માથી તે સ્થૂલ દેહધારી આત્મા પર્યંત ગૌણ આત્મિક સમાન શક્તિ લક્ષમાંથી વીસરીશ નહિં.

૧૪ જેટલા દરજ્જાની તારી અન્ય યા પોતાની પરત્વેની શુભ યા અશુભ નીચ યા ઉચ્ચ ભાવના થશે તેટલા દરજ્જે તે ભાવનાનો ભોક્તા તું શુભ યા અશુભરૂપે થઇશ.

૧૫ તારા કર્મજન્ય વ્યાપારના અંગે આ સમગ્ર વિશ્વ ભિન્ન ભિન્નરૂપે પ્રતિભાસે છે, પરન્તુ તું પૂર્ણ થતાં આખું વિશ્વ તને એક જ રૂપે પ્રત્યક્ષ જણાશે.

૧૬ જે કાર્યની અંદર તારો આત્મા સાક્ષીરૂપ થઇ તને પ્રેરણા કરે તે કાર્ય નિર્ભયતાથી કરજે અને જે કાર્ય કરતાં તારો આત્મા શંકિત થાય તે કાર્યથી વિમુખ રહેજે.

૧૭ તારામાં ગુણાકર્ષણ શક્તિ હોય તો અન્યને પણ તેવું જ પ્રવર્તન કરાવજે પણ દુર્ગુણી પ્રવર્તનથી દૂર રહેજે.

૧૮ તારા ક્ષુદ્ર વિચારો અન્ય પાસે પ્રદર્શિત કરી પોતાના તથા પરના આત્માને મલીન ન કરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯ તારૂં કોઈ બુરૂં બોલે, નિન્દા કરે, અપમાન કે તિરસ્કાર કરે તો તેથી તું દિલગીર ના થઇશ, પણ તેની અપૂર્ણતા તરફ દૃષ્ટિ કરી, તે તારૂં નહિ પણ વ્યવહારમાં લોકોએ એક સંજ્ઞારૂપે નિર્માણ કરેલા તારા નામનું યા શબ્દનું અપમાન કરેલ છે. તું અદૃશ્ય અવિનાશી અને છેદનભેદન રહિત, જાણવાને અશકય પરમાત્મ સ્વરૂપ છો.

૨૦ માસિનક, વાચિક, અને કાયિક પ્રવર્તનની અંદર તારો આત્મા બંધનયુક્ત ન થાય તેના માટે જાગ્રત રહેજે.

૨૧ દીનપણે કોઇપણ પ્રકારની યાચના કરતાં પહેલાં તારી આત્મિક શક્તિ તરફ દૃષ્ટિ કરી કઇ વસ્તુ તારાથી અપ્રાપ્ય કે અસાધ્ય છે તેનો વિચાર કરજે.

૨૨ પોતાની ગુમ થયેલ આત્મશક્તિ પ્રગટ થતાં જે આનંદ થાય છે તે ખરેખર અકથનીય છે.

न मृत्युर्न शंका न मे जातिभेदः पिता नैव मे नैव माता न जन्म ।
न बंधुर्न मित्रं गुरुनैव शिष्यः चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥

૨૩ દરેક દેહધારી જીવાત્માઓ પોતાના દરજ્જાના, હોદ્દાના અને સ્થિતિના પ્રમાણમાં માનસિક, વાચિક અને કાયિક પ્રવર્તન કરી તેની અંદર જ આનંદ અને સુખ માને છે,

૨૪ સુખ અને દુઃખ એ તારી પોતાની જ પ્રવૃત્તિનું ઉપાદાન કારણ છે. ઇચ્છા હોય તે ગ્રહણ કર.

૨૫ સંયોગ, વિયોગ, હર્ષ, શોક, ઉત્પત્તિ, નાશ અને સુખ તથા દુઃખ આ બધા પરસ્પર સંબંધવાળા નિયમોને લક્ષમાં રાખી જે જે પ્રસંગોને તું પ્રાપ્ત થા તે તે દરેક પ્રસંગોને સમપણે શાન્તિથી પસાર કરજે નહિંતર પુનઃ બંધનયુકત થઇશ.

( ચાલુ )

# સ્વીકાર અને સમાલોચના.

**૧ શ્રી જૈન સજ્ઝાયમાળા ભાગ ૨ જો**—સચિત્ર પ્રસિદ્ધકર્તા બાલાભાઇ છગનલાલ શાહ. ફીકાભટ્ટની પોળ, અમદાવાદ. કિંમત બે રૂપીયા. અનેક સજ્ઝાયોના સંગ્રહના ચાર ભાગ પૈકી આ બીજો ભાગ જેમાં ૧૯૪ સજ્ઝાયનો સંગ્રહ ચિત્ર સહિત આ ભાગમાં આપવામાં આવેલ છે. આ તેની નવમી આવૃતિ તેજ તેની ઉપયોગીતા બતાવે છે. આગલી આવૃતિ કરતાં કેટલોક વિશેષ સંગ્રહ કરેલ છે. આવા ઉપયોગી ગ્રંથની કિંમત ઓછી રાખવામાં આવે તો વિશેષ મનુષ્યો લાભ લઇ શકે એમ અમો માનીએ છીએ. પ્રકાશકનો આ સંગ્રહ પ્રશંસાપાત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ **વિજયધર્મસૂરિ—**( સ્વર્ગવાસ પછી ) **સંપાદક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી.** પ્રકાશક વિદ્યાભૂષણ ચુનીલાલ શિવલાલ ગાંધી. કિંમત રૂા. ૨–૮–૦ સ્વર્ગવાસી આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરિના સ્વર્ગવાસ પછી તેમના માટે જૈન સમાજને કેટલો શોક થયો, તેઓશ્રી ઉપર કેવી ભક્તિ હતી, તે બતાવવા તેમના શિષ્ય સમુદાય ઉપર આવેલ જૈન સંસ્થા, જૈન-જૈનેતર ગૃહસ્થો, જૈન સંઘો, જૈન, જૈનેતર વિદ્વાનો વિગેરેના લાગણીપૂર્વક તારો, કાગળોનો સંગ્રહ તથા આચાર્ય મહારાજની મંદિરની પ્રતિષ્ઠા, જયંતિઓના ભાષણો વગેરે આ ગ્રંથમાં આપી ખરેખરી ગુરૂભક્તિ બતાવી છે. આવા ગ્રંથોનો બ્હોળો પ્રચાર થવો જોઇએ એમ અમો ઇચ્છીએ છીએ.

**૩ હરમીસની હરિયાળી હારમાળા:—**લેખક હોરમસજી સોરાબજી મીસ્ત્રી, ગદ્ય પદ્યમાં નૈતિક અને સામાજિક લેખોનો સંગ્રહ લેખક મહાશયે આ ગ્રંથમાં આપ્યો છે. ગુજરાતી ભાષામાં છતાં પારસી કોમમાં વપરાતા શબ્દો ઠેકાણે ઠેકાણે આવે છે, છતાં કેટલાક વિષયોમાં લેખકના અનુભવના ઉદ્દગારો ઘણા સમજવા જેવા આ ગ્રંથમાં આપ્યા છે આવું ચુંટી કાઢેલું ઉપયોગી સાહિત્ય લખી પ્રકટ કરવાનો લેખકનો આ પ્રયત્ન પ્રશંસનીય છે. તે માટે અમોને ભેટ મોકલનાર શેઠ મંચેરશાહ માણેકજી પી. ભરૂચાનો ઉપકાર માનીએ છીએ.

**૪ વિદ્યાર્થી અને યુવકોને:—**સંયોજક શાન્તિલાલ વનમાળી: પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. કિંમત ચાર આના. આજની ઉગતી પ્રજા–યુવકો અને વિદ્યાર્થીઓના ઉન્નત જીવન બનાવવા માટે જેની જરૂર છે તે બ્રહ્મચર્ય વગેરેના વિષય ઉપરનો સંગ્રહ એકઠો કરી આ લઘુ ગ્રંથમાં પ્રકટ કરવામાં આવેલ છે. ઉગતી પ્રજા-વિદ્યાર્થી અવસ્થા માટે આવા ગ્રંથના અભ્યાસની જરૂર છે તે અમુક અંશે આ ગ્રંથે પુરી પાડી છે. આ સંગ્રહ બાળકો માટે ખાસ ઉપયોગી છે. આવા લઘુ ગ્રંથોનો ખૂબ પ્રચાર થવો જોઇએ. કિંમત પણ યોગ્ય છે, વાંચવા યોગ્ય છે. પ્રકાશકે મોકલેલ અમોને ભેટ માટે ઉપકાર માનીએ છીએ.

૫ **ભવિષ્ય ભાવફળ:—**( ભવિષ્ય જાણવાની વિદ્યા ) રચી પ્રસિદ્ધકર્તા તલકચંદ શિરચંદ શાહ, જૈન જ્યોતિષી રૂપાલ. તા. મહીકાંઠા. કેટલાક સંસ્કૃત જ્યોતિષના ગ્રંથોનું અવલોકન કરી મૂળ શ્લોક ભાષાંતર સહિત લેખકે આ ગ્રંથ રચ્યો છે. ત્રીશ પ્રકરણોમાં ચારસો ઓગત્રીશ જૂદા જુદા ભાવ ફળો સરલ ગુજરાતી ભાષામાં આપેલા છે. આ એક જાણવાની વસ્તુ છે છતાં તેને માટે ખરો અભિપ્રાય તો જ્યોતિષનું જ્ઞાન ધરાવનાર મનુષ્ય વિશેષ આપી શકે; છતાં એટલું કહેવું અસ્થાને નથી કે લેખકનો જ્યોતિષ સંબંધી આ પ્રયત્ન પ્રશંસાપાત્ર છે. જ્યોતિષના અભ્યાસીઓને સહાયરૂપ છે. મળવાનું સ્થળ, શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, મુંબઇ, પાયધુની શ્રી ગોડીજીનો માળો. એ પુસ્તક ભંડારના મેનેજરે અમોને સમાલોચના માટે ભેટ મોકલેલી હોવાથી સાભાર સ્વીકારીએ છીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## શ્રી નવપદજી આરાધનાના જીજ્ઞાસુઓને અમૂલ્ય લાભ.

# શ્રીપાળમહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન તે માટે અજાણ્યુ નથી. ચૈત્ર માસ અને આસો માસમાં આવતા ઓળી–આયંબીલ તપ કરી શ્રી નવપદજીમહારાજની આરાધના કરાય છે. એ અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે તેવા શ્રીપાળ મહારાજનું અદ્દભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે, તે મૂળ તથા તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, આશ્વિન શુદ ૧૫ પૂર્ણીમા સુધીમાં લેનારને બે રૂપીયા ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

**શ્રી નવપદજીની પૂજા** ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા.** અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે શ્રી નવપદજીનું મંડલ તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા શ્રી નવપદજીનો યંત્ર કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત નવપદજી પૂજાઓ દાખલ કરેલ છે. ઉચા એન્ટીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામ જ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગીતા અને આરાધના માટે તો કહેવુંજ શું ? શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે. અને તેમાં ગુરૂમહારાજ નવપદજી મહારાજનું મંડલ અને યંત્ર આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી. આ માટે વધારે લખવા કરતાં તેનો ઉપયોગ કરવા નમ્ર સુચના કરીયે છીએ. કિંમત રૂા ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૮. ભાદ્રપદ, આત્મ સં. ૩૭. અંક ૨ જો.

## અદ્‌ભુત ત્યાગનું દૃષ્ટાંત.

"જબલપુરના શેઠ ગોવિંદદાસે પોતાના સ્વરાજવાદી સિદ્ધાંતોને કારણે કરોડ રૂપિયાની મિલકતને તિલાંજલી આપી પિતાને નિર્ભય કર્યા છે. આ જમાનામાં ભારતવર્ષમાં જ નહિ પણ આખા જગતમાં આવા ત્યાગનાં દૃષ્ટાંતો વિરલ છે. કરોડપતિ મટી અકિંચન દરિદ્રનારાયણની હારમાં બેસીને શેઠ ગોવિંદદાસે વિશ્વજીત્ યજ્ઞ કર્યો છે અને પિતાને વચને સર્વસ્વ તજી પિતૃભક્ત રાજા રામચંદ્રની સ્મૃતિ તાજી કરાવી છે. अनन्त बत मे वित्तं यस्य मे नास्ति किंचन એ ભવ્ય વચન ઉચ્ચારનાર રાજર્ષિ જનકની પેઠે શેઠ ગોવિંદદાસ પણ અકિંચન બની અનંત વિત્તના સ્વામી બન્યા છે. જે દેશમાં કરોડપતિને ક્ષણમાં અકિંચન બનતા શરમ નથી, જે દેશમાં ગરીબાઇમાં પણ ગૌરવ મનાય છે, ને જે દેશમાં ઐચ્છિક ત્યાગનો મહિમા ટકાવી રાખનાર નવાનવા ત્યાગવીરો નીકળતા જાય છે તે દેશમાં ધનિક દ્વેષી રંકવાદની જરૂર કેમ પડે ? ભારતવર્ષની સનાતન ત્યાગવૃત્તિનો ઉત્કર્ષ ચોમેર થતો જાય છે એ જ રાષ્ટ્રના ઉદયનું મોટામાં મોટું શુભ ચિહ્ન છે."

શ્રી અમૃતલાલ મણીલાલ પંડયા.